| Innovation ID | DTP0010000002514 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | પશુને વલો (Ephemeral Fever) |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | Lok(૧)૩ may-june-૧૯૯૬, pg.no.-૮ |
| Brief | પશુને વલો (Ephemeral Fever) થાય તો મીઠું, કંતાન(કોથળા), સિસમ(Dalbergia latifolia) નો ઉપયોગ |
| Detail | ઉત્તરદાતાના જણાવ્યા પ્રમાણે પશુને વલો (Ephemeral Fever) ખાસ કરીને ચોમાસામાં ચરવા જતા પશુને થાય છે. ખેડૂતોના માનવા પ્રમાણે, ચોમાસામાં ઘાસ પર દેખાતા સફેદ ફીણ જેવા ગોટાની વચ્ચે વલાનું જંતુ હોય છે. જે ઘાસની સાથે ખાવામાં આવતાં પશુના મોંમા સોજો આવે છે અને લાળ ઝરે છે. ખાવાનું બંધ કરે છે. શરીર નબળુ પડી જાય છે. બીજા પ્રકારનો વલો ટૂંટીઓ વલો થાય છે. જેમાં પશુના સાંધા જકડાઈ જાય છે અને બેઠું રહે છે, ઊભુ થઈ શકતુ નથી. દૂધ ઉત્પાદન ઘટે છે.<br>જૂનાગઢ વિસ્તારના ઝાલણસર ગામના શ્રી સમજુભાઈ રત્નુ કહે છે, પશુને વલો (Ephemeral Fever) થાય ત્યારે ૫૦૦ થી ૭૦૦ ગ્રામ જેટલુ મીઠું લઈ પશુના બરડા પર અડધા કલાક સુધી ઘસવામાં આવે છે.ત્યાર પછી કંતાન (કોથળા) અને બસો ગ્રામ સિસમ (Dalbergia latifolia) ના છાંડીયાનો ઘુમાડો પશુના નાકના ફણા આગળ કરવામાં આવે છે. આ રીતે પશુને ત્રણ દિવસ સુધી સારવાર આપવાથી આરામ થઈ જાય છે. સમજુભાઈએ સૌ પ્રથમ પોતાના પશુ ઉપર દસ વર્ષ પહેલા આ ઉપચાર કર્યો હતો. અને ત્યારથી તેઓ આ પદ્ધતિનો ઉપયોગ કરે છે.<br><br>(ડૉ. જયવીર અંજારીયા જણાવે છે કે, વલો વિષાણુથી થતો રોગ છે. સાધારણ રીતે ત્રણ દિવસમાં તે કાબૂમાં આવે છે. તે દરમ્યાન રોગના લક્ષણોને અનુરૂપ નાસ, કફદન, ઔષધો અને પ્રતિજૈવિક ઔષધો આપવાથી સારુ રહે છે. ટૂંટીઆ વલામાં સંધિવારોધક ઔષધો અપાય છે.<br><br>(નોંધઃ- આ પદ્ધતિનું પીઆઈસી સોમાભાઈ ઠક્કરે કરેલ છે.)<br><br>(નોંધઃ- આ પદ્ધતિનું રીચેક તા. ૮-૮-૨૦૦૬માં વિપુલ.વી. વાસને કરેલ છે.)<br><br>(જીવલેણ બિમારી હોવાને કારણે તથા હાલમાં ઉપયોગ ન કરતા નથી.)<br><br>(સમજુભાઈ ગગુભાઈ રત્નુને હાલ ગળામાં કેન્સર છે. પોતે બોલી શકતા નથી અને પથારીવશ છે. ડોક્ટરે પણ ઈલાજ કરવાની ના પાડી દીધી છે. આથી ઘણા સમયથી તેઓ બોલી કે ચાલી શકતા નથી. પોતે આવી માહિતી જાણે છે. પરંતુ ઘરના કોઈ સભ્યો આવું કરતા નથી. તેમના દિકરાઓ હિરાઘસવાનું કામ કરે છે. ખેતી સંપૂર્ણ રાસાયણિક કરે છે. ૧૫૦ વિઘા-૫ ભાઈઓ વચ્ચે જમીન છે. ઘરમાં ૮ સભ્યો છે. તેવો આ માહિતી જાણતા નથી અને સમજુભાઈ હાલ કોઈ માહિતી આપી શકે તેમ નથી. - લી. મનસુખભાઈ. ) |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | મીઠું, કંતાન(કોથળા), સિસમ(Dalbergia latifolia) |
| IPR Status | |
| Keywords | પશુ, વલો, Ephemeral Fever, મીઠું, કંતાન, કોથળા, સિસમ, Dalbergia latifolia, જૂનાગઢ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૫૪૪ | Member Type | Scout | | |
| First Name | મહેશ | Middle Name | સી | Last Name | ગજેરા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. માખીયાણા | | | Taluka | જૂનાગઢ |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૧૨૩૯ | Member Type | Innovator | | |
| First Name | સમજુભાઈ | Middle Name | ગગુભાઈ | Last Name | રત્વું (સળુ) |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. વાણંદિયા, વાયા-ઝાલણસર | | | Taluka | જૂનાગઢ |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૦૯૪ | Member Type | Verifier | | |
| First Name | સોમભાઈ | Middle Name | એચ | Last Name | ઠક્કર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | ૪૬, વર્ધમાન ટેનામેન્ટ, સોલા રોડ, ભુંયગદેવ પાસે | | | Taluka | |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૭૪ | Member Type | Verifier | | |
| First Name | વિપુલ | Middle Name | વી. | Last Name | વાસન |
| Profession | | Designation | | | |
| Address 1 | શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા | | | | |
| Village | જૂનાગઢ | | | Taluka | જૂનાગઢ |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002877 | Sr No : 2 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | પશુને ખરવા મોવા (Foot and Mouth Disease) |
| Category | પશુ સંવર્ધન |
| Notebook Number | lok(પ)૩, May-jun-૨૦૦૦, Pg No. ૮ |
| Brief | પશુને ખરવા મોવા (Foot and Mouth Disease) થાય તો ચુનાના પાણીનો ઉપયોગ. |
| Detail | ખરવા મોંવા (Foot and Mouth Disease) એ વિષાણુથી થતો ચેપી રોગ છે. પશુના પગની ખરીમાં ચાંદા પડે છે. તેથી પશુ લંગડાતું ચાલે છે અને પગ પછાડે છે. ઘણીવાર મોંમાં પણ ચાંદા પડે છે તથા લાળ ઝરે છે. જેથી પશુ ખોરાક લઈ શકતું નથી. દૂધાળા પશુમાં દૂધ ઉત્પાદનમાં મોટો ઘટાડો જોવા મળે છે.<br><br>ખરવા-મોંવા (Foot and Mouth Disease) રોગના ઉપચાર માટે જૂનાગઢ જિલ્લાનાં ઝાલણસર ગામના શ્રી કેશવભાઈ સાવલીયા ચૂનાના પાણીનો ઉપયોગ કરે છે.<br><br>ખેડૂતના જણાવ્યા મુજબ ૧૦૦ થી ૨૦૦ ગ્રામ તાજો કળી ચૂનો લઈ બે થી ત્રણ લીટર પાણીમાં ઓગાળવામાં આવે છે. આ દ્રાવણ ઠંડું થાય એટલે પશુની પગની ખરીમાં રેડવામાં આવે છે.<br><br>ખેડૂતના અનુભવ મુજબ ચૂનાવાળા આ પાણીથી કીડા મૃત્યુ પામે છે અને પશુને ઝડપથી રાહત થાય છે. આ પદ્ધતિ બાપદાદા વખતથી પરંપરાગત રીતે શીખ્યા છે. ગામમાં ખરવા થાય એટલે મોટાભાગના લોકો આ પદ્ધતિ અજમાવતા હોય છે.<br>આણંદ વેટરનરી કોલેજના ડો. પરીખનાં મત મુજબ, ચૂનાનું પાણી એન્ટીસેપ્ટીક (જીવાણુનાશક) અસર કરતું હોવાની સંભાવના છે.<br><br>આ પદ્ધતિમાં માત્ર ચુનાનો જ ઉપયોગ થતો હોવાથી ખર્ચો નહિવત થાય છે.<br>આ પદ્ધતિમાં કોઈ આડ અસર રહેતી ન હોવાથી સાવચેતી રાખવાની જરૂર પડતી નથી.<br><br>અન્ય કોઇ આ માહિતી જાણતું નથી. પોતે જ ઉપયોગ કરે છે.<br><br>(નોંધ - આ પદ્ધતિનું પી.આઈ.સી. વિપુલ વાસને તા. ૬-૮-૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે. તેમાં કોઈ સુધારા-વધારા કરવાની જરૂર નથી.)<br><br>ઉત્તરદાતા ભવિષ્યમાં આવી માહિતી જાણવા-સમજવામાં રસ ધરાવે છે. |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | ચુનાનું પાણી |
| IPR Status | |
| Keywords | પશુ, ખરવા, મોવા, Foot and Mouth Disease, ચુનો, પાણી, પગ, ખરી, જૂનાગઢ |

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૦૦૨૫ Member Type Scout

First Name દિલીપ Middle Name ડી Last Name કોરડીયા

Profession Designation

Address 1

Village મુ.ભુંભલી Taluka ભાવનગર

District Bhavnagar State Gujarat Country india

Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૨૮૦૭ Member Type Innovator

First Name કેશવભાઈ Middle Name શામજીભાઈ Last Name સાવલીયા

Profession ખેતી,પશુપાલન Designation ખેડૂત,પશુપાલક

Address 1

Village મુ. ઝાલણસર, વાયા માખીયાળા, ધોળાજી હાઈવે પર Taluka જૂનાગઢ

District Junagadh State Gujarat Country India

Biography ખેડૂતનો પરિચય:

ઉત્તરદાતાના જણાવ્યા અનુસાર તેઓની ઉંમર ૩૫ વર્ષની છે. પોતે નવ ધોરણ પાસ છે. ત્રણ ભાઈઓ છે. મોટાભાઈ ઉમેશભાઈ વિમાએજન્ટ છે. ચુનીભાઈ ખેતીકામ કરે છે. અને પોતે પણ ખેતી કરે છે. કેશવભાઈના માતાનું નામ કસ્તુરીબહેન છે. ઝાલણસરમાં પોતે ભાજપનું કાર્યાલય ચલાવે છે. પોતે લગ્ન નથી કર્યા. જમીન તેમની પાસે નથી. તેઓ ખેતમજૂરી અને ભાડે જમીન રાખી ખેતી કરે છે. ૧૨૦૦ વાર પ્લોટ છે. કાચુ નળિયાવાલું મકાન ધરાવે છે. ઉત્તરદાતા પોતાના મકાનમાં કરોળિયાના ઝારા ધરાવે છે. તે સાફ કરતા નથી કારણ કે તેમનું કહેવું છે મચ્છર તે ઝાડમાં ફસાઈને મૃત્યુ પામે છે. આથી તેમના ઘરમાં મચ્છર જોવા મળતા નથી. નવી-નવી શોધ કરવામાં તે ૂ રસ ધરાવે છે. બગીચા સાફ કરવા માટેનું મશીન, ગુણી ઉપાડવા માટેનું સાધન, એક જ સળિયામાં જુદી જુદી ખપાલી (કચરો એકઠો કરવા માટેનું સાધન) જોડી શકાય તેવું સાધન તેમણે બનાવ્યું છે. આ રીતે લોહચુંબક દ્વારા ઉર્જા ઉત્પન્ન કરવાનું સાધન તેમને બનાવવાનો વિચાર છે. પશુઓ તેઓ ધરાવતા નથી પરંતુ ખેતી અને પશુપાલનમાં ઘણો બધો રસ ધરાવે છે. નવા-નવા સાધનોના પ્રયોગો કરવામાં તેમને રસ છે. ભવિષ્યમાં આવી માહિતીઓ જાણવા સમજવામાં રસ ધરાવે છે. દરેક તહેવારો રસપૂર્વક ઉજવે છે.

ગામનો પરિચય:

ઝાલણસર ગામ જૂનાગઢ જિલ્લાથી ૧૫ કિ.મીના અંતરે આવેલું છે. ગામમાં જવા માટે જૂનાગઢથી ધોરજી, જામનગર, ઉપલેટા તેમજ જામજોધપુર જતી બસો ઝાલણસરથી પસાર થાય છે. હાઈવે પર ગામ આવેલું હોવાથી વાહનો સરળતાથી મળી રહે છે. ગામની વસ્તી ૩૫૦૦ની છે. મોટી વસ્તી લેઉવા પટેલ જ્ઞાતીની છે. જ્યારે ભરવાડ, વણકર, કોળી વગેરે અન્ય જ્ઞાતિઓ પણ ગામમાં વસવાટ કરે છે. ગામમાં ૧થી ૭ ધોરણ અને ૪થી ૧૦ ધોરણ એમ બે શાળાઓ આવેલી છે. સમગ્ર ગામ ૧.૫ કિ.મી માં વપરાયેલું છે. ગામની વસ્તીના ૯૦ યુવાનો જુનાગઢ હિરાઙસવાના કારખાનામાં કામ કરે છે. ગામની નજીકથી ઉબેણ નદી પસાર થાય છે. ચેકડેમ કે તલાવ નથી. પસ્ટઓફિસ પશુ દવાખાનું, પ્રાઈવેટ દવાખાનું, પ્રાથમિક સારવાર કેન્દ્ર વગેરે ગામમાં આવેલા છે.

ગામમાં વડ, પીપર, આંબા, નાળિયેરી, બાવળ, કડવો, લીમડો, ગુલમહોર, કાંટાવાળો થોર વગેરે વૃક્ષો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. જમીન કાળી અને ભરભરી પ્રકારની પ્રકારની તેમજ ગોરાળું જોવા મળે છે. આવકમાં મુખ્યત્વે લોકો ખેતી સાથે તેમજ જૂનાગઢમાં હિરાના કારખાનામાં મઝકામ દ્વારા આવક મેળવે છે. મગફળી, ઘઉં, કપાસ, બાજરી, મકાઈ, ચણા, તુવેર વગેરે વિવિધ પાકોનું ઓછા વત્તા પ્રમાણમાં વાવેતર કરે છે. દિવાળી, નવરાત્રી, હોળી, જન્માષ્ટમી વગેરે જેવા ધાર્મિક તેમજ ૧૫ મી ઑગસ્ટ અને ૨૬મી જાન્યુઆરી જેવા તહેવારો નિશાળમાં ઉજવવામાં આવે છે. ગામમાં રસ્તાઓ સિમેન્ટના તેમજ ૫૦ ટકા લોકો પાકા અને ૫૦ ટકા લોકો કાચા નળિયાવાળા મકાનોમાં રહે છેય એકંદરે ગામની પરિસ્થિતી સારી છે.

ભવિષ્યમાં ઉત્તરદાતા આવી માહિતીઓ જાણવામાં રસ ધરાવે છે.

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૭૪ Member Type Verifier

First Name વિપુલ Middle Name વી. Last Name વાસન

Profession Designation

Address 1 શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા

Village જૂનાગઢ Taluka જૂનાગઢ

District Junagadh State Gujarat Country India

Biography